# સ્નેહ સમર્પણ : વસ્ત્ર અર્પણ કાર્યક્રમ યોજાયો

નીમા ગર્લ્સ આર્ટ્સ કોલેજ, ગોઝારિયા ખાતે એન.એસ.એસ દ્વારા તા. ૨૯/૧૨/૨૦૨૨ના રોજ સ્નેહ સમર્પણ : વસ્ત્ર અર્પણ કાર્યક્રમ પલીયડ હોસ્પિટલના ટ્રસ્ટી શ્રી શંકરભાઈ પટેલ, મંત્રીશ્રી કનુભાઇ પટેલ, સહમંત્રીશ્રી ભીખાભાઇ પટેલ અને શ્રી સુરેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયો. કોલેજના એન.એસ.એસ.ના વિભાગ દ્વારા પરિવારોમાં થી બિનવપરાશના અને કોઈને કામ લાગે તેવા કપડાઓ પરિવારના લોકોને મોટા પડતા કે નાના પડતા કપડા વગેરેનુ કલેકશન કરી. કોલેજની વિધાર્થિનીઓમાં અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારની વસ્તીમાં વિતરણ કરવાનુ સેવા કાર્ય હાથ પર લીધુ છે. આજે કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓએ પોતાના ભાઈ ભાડું માટે કપડા પસંદ કર્યા હતાં. કોલેજના આચાર્ય શ્રી ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યું કે

ઘરમાં રહેલા સ્ત્રી,પુરૂષ કે બાળકો ના જુના કપડાં, નાના કે મોટા પડતા કપડાં, વધારાના કપડાં  કે જે વપરાશ વગર પડયા રહે છે તે કપડાં અમને પહોંચાડી. આ સેવા યજ્ઞ માં જોડાવો.આપનાં દ્વારા અમને પહોંચાડેલ કપડાં અમે જરૂરીયાતમંદ લોકો અને તેના પરીવાર ને પહોંચાડીશું .

આ સેવા યજ્ઞ માટે જે કોઈ એ વસ્ત્રો અર્પણ કર્યા છે તે સૌ નો કોલેજ પ્રોગ્રામ ઓફિસર આભાર માને છે. આપનો સાથ સહકાર મળતો જ રહે.












